

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*છોને અર્થતંત્ર ભાંગીને ભૂકો થાય, વાંધો નહીં !*
*છોને પેટને ખાડો ઊંડી ખાઈ થાય, વાંધો નહીં !*
*સાંધો નહીં આવે અમારા ધૈર્ય ને શિસ્તમાં -*
*છો ને ગુજરાત, 'લાલ' ને 'પીળું' થાય, વાંધો નહીં!*

હાઈકુ

*છૂટે ન હવે -*
*પકડાઈ ગયું છે -*
*'નિશ્ચિત' નાડું...*

*મળી ગયો છે*
*કોરોના થી મુક્તિનો -*
*'મફત' માર્ગ !!*
*(શિંગડાં ભરાવે એને વંડામાં પૂરી રાખો!)*

### ચિંતન

*ઈદં યત્પરમેહિનં મનો વાં બ્રહ્મસંશિતમ્ ।*
*યૈનેવ સસૃજૈ ઘોરં તૈનેવ શાન્તિરસ્તુ નઃ ॥*

ઉપરોક્ત શ્લોક 'અથર્વવેદ'માં શાંતિ સૂક્ત માંથી લેવામાં આવેલ છે.

પરમેષ્ઠી વડે રચાયેલું, મંત્રો દ્વારા તીક્ષ્ણ અસરકારક કરાયેલું આ સમગ્ર જગતનું મૂળ કારણ અમારું મન છે. જેનાથી ઘોર કર્મોની ઉત્પત્તિ થઈ છે એ મન દ્વારા અમારે માટે રચાયેલ ઘોર કર્મોની શાંતિ થાઓ.

વિશ્વની રચના પરમેષ્ઠી દ્વાર પરમ તત્ત્વ દ્વારા થઈ છે અને દરેક કર્મના મંત્રો દ્વારા એનું સંચાલન થાય છે.

ભોજન-પાણી પીવાથી પાચન સુધીના મંત્રો દ્વારા આપણું પોષણ અને જીવન રક્ષણ થાય છે અને એ બધાંનું કારણભૂત 'મન' છે, એમને માનસિક શાંતિ પ્રાપ્ત થાવ.

### સુવિચાર

- બહેતર સે બહેતર કી તલાશ કરો, મિલ જાયે નદી તો સમંદર કી તપાલ કરો...
  ટૂટ જાતે હૈં શીશે પથ્થરોં કી ચોટ સે, તોડ દે પથ્થર એસે શીશે કી તલાશ કરો - **ગુલઝાર**
- જીવનનો એક જ રસ્તો જાણનાર સાચો રસ્તો બતાવી શકે નહિં - **જીવનપાથેય**
- શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, મર્મ કહ્યો નથી. મર્મ તો સત્પુરુષના અંતરાત્મામાં રહ્યો છે - **શ્રીમદ્ રાજચંદ્ર**
- વ્યસનનો વફાદાર, કુટુંબનો ગદ્દાર - **અખંડ આનંદ**
- ચેતન ચાલો ને હવે,સુખ નહીં પરમાં મળે, આતો ઝાંઝવાના પાણી,
  તૃષા નહીં રે છિપાણી, તૃપ્તી નહીં રે મળે' - **મોહન પરમાર**
- વ્યસનનો વફાદાર, કુટુંબનો ગદ્દાર - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : નારિયેળ પાણીમાં ટામેટાનો રસ મળવી ખંજવાળની જગ્યાએ હળવા હાથે માલિશ કરવાથી ખંજવાળ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સુખદેવ ઋષિના આશ્રમમાં ઘણા શિષ્યો હતા. એમાં અનુજ નામનો શિષ્ય ઘણો હોંશિયાર હતો. બીજાના પ્રમાણમાં શિષ્ય ઘણો હોંશિયાર હોવાથી બીજાઓને નીચા સમજવા લાગ્યો. ઋષિને અનુજની અંદર અહમ્‌નો અંદાજ આવી ગયો. એને સાનમાં સમજાવવા તેઓ પોતાની સાથે દરિયા કિનારે ફરવા લઈ ગયા. ઋષિએ એને દરિયાનું પાણી પીવા કહ્યું, અનુજે જેવો એક ઘુંટડો ભર્યો અને કટાણું મોં કરીને પાણી બગડી ગયું.' ઋષિ ચૂપ રહ્યા. અને આગળ ચાલ્યા. આગળ ચાલતા. એક નાની નદી આવી. ઋષિએ અનુજને નદીનું પાણી પીવા જણાવ્યું. અનુજે ખોબો ભરીને પાણી પીધું. અને એને તરત છીપાઈ અને તૃપ્તિ પણ થઈ. અને એણે કહ્યું, 'ગુરુદેવ. આવું સરસ નહીંનું મીઠું પાણી બહુ ઓછા જોવા મળે છે. જયારે પેલા દરિયાનું પાણી તો એકદમ ખારું હતું.' ઋષિએ કહ્યું,'ભાઈ અનુજ, નાના-મોટાથી કશું જ નથી થતું, દરેક વ્યક્તિએ પોતાના વ્યવહાર અને સત્કાર્યોથી પોતાના માટે સ્થાન બનાવવું પડે છે. તે સાગરના અહમ્‌નો જોયો ! તે બધું જ પોતાનામાં સમાવ્યે રાખે છે, પરંતુ તેનું પાણી ખારું હોય છે, જયારે નાની નદી જે કંઈ મેળવે છે તેમાંથી મોટાભાગનું તો વહેંચી દે છે, જેથી તેના જળમાં મિઠાશ છે. વ્યક્તિએ મોટા હોવા પર પણ અહંકારને પોતાની પાસે ન ભટકવા દેવો જોઈએ. દરિયા અને નદીના ઉદાહરણ પછી તું તારી વાતોનો મર્મ સારી રીતે સમજી ગયો હોઈશ.' અનુજને પોતાની ભૂલ સમજાઈ અને તેણે પોતાની અંદરથી અહંકાર દૂર કરવા નિયમ લીધો.

# શ્રમિકોના ભાડાનો મુદ્દો વકરશે

**તંત્રીસ્થાનેથી...**

કેન્દ્ર સરકારે શરુઆતમાં મજૂરોને એમના વતન તરફ જતા રોક્યા, અધવચ્ચે અટકાવ્યા. એમના માટે ખાવાપીવાની વ્યવસ્થા કરાવવામાં આશ્વાસનો આપ્યાં, એમને રોજગારદાતાઓ પગાર આપશે એવી હૈયાધારણ આપી. બિચારા પેટ ખાતર વેઠ કરનારા મજૂરો અગવડો અને ભૂખમરો વેઠી જયાં હતાં ત્યાં સ્થિર થઈ ગયા - એ આશાએ કે સવાલ તો ત્રણ અઠવાડિયાંનો હતો ! પણ પછી લોકડાઉનનો બીજો અને હવે ત્રીજો તબક્કો આવ્યો. કોરોના મહામારી સામે લડવાનો બીજો કોઈ રસ્તો પણ ન હતો એટલે સરકારને લોકડાઉનની સ્થિતિ લંબાવ્યે રાખવી પડી. મજૂરો માટે આ પરિસ્થિતિ અસહ્ય બની રહી. ભીખનાં હાંડલાં શીંકે ન ચડે - એ કહેવત મુજબ હવે તો વતનમાં જ પહોંચવું શ્રેયસ્કર છે, એમ માની મજૂરો રસ્તા પર આવી ગયા છે. સરકારને નાછૂટકે એમના માટે પોતપોતાના વતનના રાજય સુધી ખાસ ટ્રેનો દોડાવવાની તૈયારી તો દર્શાવી, પરંતુ કોવિડ-૧૯ પછીનાં નવા ધારાધોરણો મુજબ સોશિયલ ડિસ્ટંસિંગ વાળી ટ્રેનોમાં ભાડાના દર પણ વધારાયા છે. મજૂરોને આવાં ઊંચા ભાડાં ખરચીને પણ ઘરભેગા થવાની તાલાવેલી હતી. સરકારે સહાનુભૂતિ દાખવીને શ્રમિકોને ભાડું વસૂલ કર્યા વગર એમના વતન સુધી પહોંચાડવા જોઈએ. એને બદલે કેન્દ્ર સરકારે રાજય સરકારો અને સ્વૈચ્છિક સંસ્થાઓ આવી જવાબદારી ઉપાડે અને આગોતરું ભાડું જમા કરાવે એવી નીતિ અપનાવી. એક તરફ વિદેશમાં ફસાયેલા નાગરિકો માટે સ્પેશિયલ વિમાનો મોકલાવીને એમને દેશમાં લાવવામાં આવ્યાં હોય અને કોટામાં ફસાયેલા વિદ્યાર્થીઓ માટે ખાસ બસોની વ્યવસ્થા કરી શકાતી હોય ત્યારે રોજનું કમાઈ રોજ ખાનારા આ મહેનતકશ મજૂરો પાસેથી ભાડું વસૂલાય તે કેવી અવળચંડાઈ છે! કોંગ્રેસનાં કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધીએ આવા શ્રમિકોનું ભાડું કોંગ્રેસ પાર્ટી ભોગવશે એવી તૈયારી દર્શાવી છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ પણ મજૂરો પાસેથી ભાડું નહીં વસૂલવાનું સૂચન કર્યું છે. રેલવે ખાતું પ્રધાનમંત્રીના બિનહિસાબી ફંડમાં દોઢસો કરોડ જેવી રકમ જમા કરાવી શકતું હોય તો દેશના દુઃખિયારા નાગરિકોને એમના ધંધા રોજગારના સ્થળેથી વતન પહોંચાડવાની જવાબદારી ન લઈ શકે ? સરકારની નીતિ ગરીબલક્ષી હોવાના રાગડા તણાતા હોય, પોતે ગરીબ માતાના પુત્ર અને પછાતવર્ગના માનવી હોવાની જાહેરાત કરી ગરીબ મતદાતા સમુદાયને વહાલા થવાની વ્યૂહરચના દ્વારા એમના કરોડો વોટ ઓળવી લેવાતા હોય ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મજૂરો પાસેથી ભાડું વસૂલવાનો આગ્રહ રાખતા રેલ વિભાગને આટલી સાદી માનવતા દાખવવાની વાત ગળે ન ઉતરાવી શકે તે કેવું ! કોરોના વોરિયર્સને સન્માનિત કરવા માટે દેશના ચારણ ખૂણે ઍર ફોર્સનાં વિમાનો ઉડાડી નાણાંનો ધુમાડો કરવા કરતાં એટલાં જ નાણાં મજૂરોને વતન પહોંચાડવા માટે વાપરવામાં આવ્યા હોત તો એથી કોરોના વોરિયર્સ વધારે રાજી થાત. કોરોના વોરિયર્સને સરખી પીપીઈ કિટ્સ આપવાને બદલે હારતોરા પહેરાવી દઈ પટાવી દેવા એ તો એમની ક્રૂર મશ્કરી છે. પરંતુ કેન્દ્ર સરકાર દરેક સારાનરસા મુદ્દાને 'ઈવેન્ટ'માં ફેરવવા ટેવાયેલી છે. એટલે આવી દુષ્કર સ્થિતિમાં પણ એણે વિમાનોમાંથી પુષ્પવૃષ્ટિ કરાવી જે ધનોઆ સહિત સેનાના ઘણા નિવૃત્ત ઉચ્ચ પદાધિકારીઓને નથી ગમ્યું.

# 'પ્રાર્થના એટલે પરમ પિતા સમીપમાં છે એમ અનુભવવું અને તે પ્રમાણે જીવવું...'



**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

વાત છે ૧૯૯૦ના એપ્રિલ મહિનાની. એ સમયે જન્મભૂમિ ભાવનગર રહેતો હતો. સાહિત્ય અને સંગીત સાથે પ્રીતિના કારણે સ્ટેજ આર્ટીસ્ટ કુંદન ગઢવી સાથે પારિવારિક મિત્રતા હતી.

મારા પત્ની મનીષા અને કુંદન તથા એના પત્ની સાગરબા સાથે અમે પ્રવાસ માટે પહોંચ્યા તીથલ. કોઈ પરિચય વિના બંધુ ત્રિપૂટી નામે જાણીતા જૈન મુનિઓનાં આશ્રમ 'શાંતિનિકેતન'માં ગયા. રહેવા-જમવાની સુવિધા થઈ. મોટાભાગનો સમય દરિયા કિનારે - સત્સંગ અને સાહિત્ય ચર્ચા તથા કવિતાના આનંદમાં પસાર થતો. એમના જ સૂચનથી ધરમપુર નજીકના 'નંદીગ્રામ' પહોચ્યા. મકરંદભાઈ અને કુન્દનિકાબહેને પ્રેમપૂર્વક સ્વાગત કર્યું. અડધો દિવસ રોકાયા - ખૂબ વાતો કરી... કુન્દનિકા બહેન સાથે એ પ્રથમ મુલાકાત. એ પછી તો વલસાડ સ્થિત પારિવારિક સ્વજન હિંમતભાઈ શાહના ઘરે અને તીથલ નિયમિત જવાનું થતું રહ્યું અને એ સાથે બેચાર વાર નંદીગ્રામ પણ ગયો.

સ્વાભાવિક છે, સાહિત્ય પ્રત્યે રૂચિના કારણે - ભજન પ્રત્યે લગાવ હોવાના કારણે જયારે જયારે નંદીગ્રામ જવાનું થયું છે ત્યારે મકરંદ અને કુન્દનિકાબહેનના પ્રેમાળ આતિથ્યને માણીને પ્રસન્નતાથી સભર થયાની અનુભૂતિ રહી છે. માહિતી ખાતાના જ મારા સાથી મિત્રો હિરેન ભટ્ટ અને પરિમલ દેસાઈએ પણ કુન્દનિકા બહેન સાથેના સંસ્મરણો તાજા કરતા એમના પ્રેમાળ વ્યક્તિત્વ - એમના સાહિત્ય અને અધ્યાત્મ ચેતનાની વાત કરી છે.

૧૯૮૨માં પ્રકાશિત 'પરમ સમીપે' પુસ્તક, જેમાં કુન્દનિકા બહેનને પાંચ વિભાગોમાં પ્રાર્થનાઓનું સંકલન કર્યું છે એ પુસ્તક મેં ખરીદ્યા પછી નિયમિતરુપે આજ સુધી વાંચતો રહ્યો છું એમ લખવા કરતા પ્રાર્થનાના શબ્દો થકી હૃદય ભીંજાયું રહ્યું છે, જીવનમાં મુશ્કેલ પરિસ્થિતિઓમાં બળ મળતું રહ્યું છે એમ લખવું વધું યોગ્ય લાગે છે.

વર્ષ ૨૦૦૨માં માહિતીખાતાના તત્કાલીન કમિશનર અને સાહિત્યકાર વી. એસ. ગઢવી સાહેબે મને સાહિત્ય અને કલા ક્ષેત્રના મહાનુભાવોના જીવન પર આધારિત ડોક્યુમેન્ટ્રી બનાવવાનું કામ ઈન હાઉસ પ્રોડકશન રુપે સોંપ્યું... મને યાદ છે, તેઓએ પૂછ્યું હતું કે, 'આરંભ કોનાથી કરીશું ?' મેં કહ્યું હતું, 'સાંઈ કવિ મકરંદ દવે... અને એ નિમિત્તે વલસાડ માહિતી કચેરીના મિત્રો સાથે નંદીગ્રામ જવાનું થયું હતું. એ સમયે કુન્દનિકા બહેને નંદીગ્રામ વિશે વતા કરતા કહ્યું હતું કે, 'પ્રકૃતિ સાથે સંવાદમય જીવન જીવવાના વિચાર સાથે અમે નંદિગ્રામનો આરંભ કર્યો હતો. બહુ બધા નામો વિચાર્યા પછી 'નંદીગ્રામ' નામ રાખ્યું. રામાયણમાં ભરતજી વનવાસ સમયે નંદીગ્રામ રહ્યા હતા અને રામની પાદુકા સ્થાપિત કરી હતી. અર્થાત્ કર્તૃત્વની ભાવના ન હતી. આ બંને બાબતો નામ રાખવા માટે પ્રેરક બની હતી.'

સ્વાભાવિક છે કે આરંભના વર્ષોમાં અપાર મુશ્કેલીઓ વચ્ચે મકરંદભાઈ અને કુન્દનિકાબહેને સામાજિક સેવાઓનો આરંભ કર્યો હતો. શિક્ષણ-આરોગ્ય-સ્વરોજગારી - સાહિત્ય - સંસ્કાર જેવા અનેક ક્ષેત્રોમાં સુંદર કામ થયું.

૯૪ વર્ષનું સાર્થક જીવન જીવી ગયેલા કુન્દનિકાબહેન આપણને સહુને સાહિત્ય - અધ્યાત્મ, સેવા ધર્મ, આશ્રમ જીવન અને અર્થપૂર્ણ જીવનનું જાણે પંચામૃત પીરસીને ગયા છે.

પ્રેમ - પ્રાર્થના - પ્રસન્ન જેવા શબ્દોના અર્થને કુન્દનિકા બહેને પોતાના જીવનમાં આત્મસાત કર્યા હતા. સુખની નહિ, સતત આનંદની અનુભૂતિ તેઓને કરી હતી. આદિવાસી વિસ્તારના લોકોની સાથે તેઓએ પોતાના હૃદયના તાર મેળવ્યા હતા અને એમની વચ્ચે રહીને શિક્ષણના - આરોગ્યના - અને જીવન વિકાસના ઉત્તમ કાર્યોમાં એકાકાર થયા હતા. સીધું-સાધું અને સાત્ત્વિક જીવન જીવનારા કુન્દનિકાબહેન વાણી-વિચાર અને જીવન-કવન દ્વારા અન્યના ઉત્કર્ષ માટે સતત કાર્ય કર્યુ. સમાજ ઘડતર માટેની તેમની પ્રવૃત્તિઓએ વલસાડ જિલ્લામાં આદિવાસી વિસ્તારમાં કેટલાયે લોકોના જીવનમાં જ્ઞાનના - સુવિધાના અજવાળા પાથરવા પ્રયાસ કર્યો.

'પરમ સમીપે' પુસ્તકના પાના પર એમણે લખેલી પ્રાર્થનામાં તેઓ લખે છે 'પ્રાર્થના એટલે પરમ પિતા સમીપમાં છે એમ અનુભવવું અને તે પ્રમાણે જીવવું...'

આવા જ શબ્દો થકી એમના સાહિત્ય સર્જન થકી કુન્દનિકા બહેન હંમેશા આપણા ચિતમાં અજવાળા પાથરતા રહેશે.

# બુદ્ધં શરણં ગચ્છામિપધમ્મં શરણં ગચ્છામિપસંઘં શરણં ગચ્છામિ...



રાજા શુદ્ધોધનના અનેક પ્રયત્નો છતાં તેઓ પોતાના પુત્ર સિદ્ધાર્થને બુદ્ધ બનતાં રોકી ન શક્યા. બુદ્ધ બનવું સરળ નથી.સમ્રાટપણું, રાજમહેલ, સંસાર, યશોધરા અને રાહુલનો ત્યાગ કરવો પડે છે.અત્યારના સમયે બુદ્ધત્વ પ્રાપ્ત કરવું એ શુદ્ધ આત્મા તરફ જવાની પ્રક્રિયા છે.બુદ્ધપૂર્ણિમા આવી રહી છે, ત્યારે આપની સમક્ષ ભગવાન બુદ્ધના કેટલાંક અણમોલ વચનો પ્રસ્તુત કરું છું. અને તમારી અને બુદ્ધ વચ્ચેથી હટી જઉં છું.



**વિચારયાત્રા**
ડો. જય ઓઝા

- તમારું મન જ બધું છે, જે તમે વિચારો છો તે જ તમે બની જાવ છો.
- ત્રણ વસ્તુ લાંબા સમય સુધી છુપાવી શકાતી નથી સૂરજ,ચંદ્ર અને સત્ય.
- દરેક ખરાબ કાર્ય મનથી જ જન્મે છે,જો મન પરિવર્તિત થઈ જાય તો કોઈ પણ ખોટુ કાર્ય નહીં થાય.
- શરીરને સ્વસ્થ રાખવું તે આપણું કર્તવ્ય છે અન્યથા આપણે આપણું મગજ સ્વચ્છ અને મજબૂત નહીં રાખી શકીએ.
- તમે ક્યારેય તમારા ક્રોધ માટે દંડ નહીં મેળવો પરંતુ તમારા ક્રોધ દ્વારા દંડ મેળવશો.
- ૧000 બેકાર શબ્દ બોલવાથી તો સારું છે કે એક જ શબ્દ બોલવામાં આવે જે શાંતિ લાવતો હોય.
- તમારી પાસે જે કાંઈ પણ છે તેને ક્યારેય વધારીને ન કહો.
- બીજાની ઈર્ષા ન કરો જે બીજાની ઈર્ષ્યા કરે છે તેને મનની શાંતિ ક્યારેય નથી મળતી.
- હજારો દીપ ને એક જ દીવાથી પ્રકાશિત કરી શકાય છે. ખુશીઓ વહેંચવાથી ક્યારેય ઓછી થતી નથી.
- અતીત પર ધ્યાન ન આપો ભવિષ્ય વિશે પણ ન વિચારો પોતાના મનને હંમેશા વર્તમાનમાં કેન્દ્રિત રાખો.
- કોઈ વાત પર જયારે આપણે ક્રોધિત થઈ જઈએ છીએ ત્યારે સમજવું કે આપણે સત્યનો માર્ગ પર છોડી દઈએ છીએ.
- શંકાની આદત સૌથી ખતરનાક છે લોકોને તે વિભાજિત કરી દે છે.
- શાંતિ અંદરથી આવે છે તને બહારના શોધો.
- આપણને આપણી સિવાય કોઈ નથી બચાવવાનું.
- આપણે માત્ર તે ગુમાવીએ છીએ જેને આપણે વળગી રહ્યા હોઈએ છીએ.
- ક્યાંક પહોંચવા કરતા જરૂરી છે યાત્રા કરતા રહો.
- પ્રસન્નતાનો કોઈ માર્ગ નથી. પ્રસન્નતા સ્વયં માર્ગ છે.
- દર્દ નિશ્ચિત છે પણ દુઃખ વૈકલ્પિક.
- જે જાગેલો છે તેની માટે રાત લાંબી છે. જે થાકેલો છે તેની માટે રસ્તો લાંબો છે. અને જે મૂર્ખ ધર્મ નથી સમજ્યો તેની માટે જીવન લાંબું છે.
- બધું જ સમજવું એનો અર્થ છે બધાને માફ કરી દેવા.
- દરેક વ્યક્તિ પોતાના સ્વાસ્થ્ય માટે સ્વયં જવાબદાર છે.
- ખુશીઓ એવા વ્યક્તિ જોડે ક્યારેય નથી પહોંચતી જે વ્યક્તિ પોતાની પાસે પહેલેથી જે છે,તેને મહત્વ નથી આપતા.
- જેને તમે વિચારતા રહો છો તે જ તમે બની જાવ છો તમે જે મહેસુસ કરો છો તેને જ આકર્ષિત કરતા રહો છો જેની તમે કલ્પના કરો છો તેનું નિર્માણ થાય છે.
- જયારે તમે દરેક સહાયતાનો અસ્વીકાર કરી દો છો ત્યારે તમે મુક્ત થઈ જાવ છો.
- જો તમે કોઈ બીજા માટે દીપક પ્રગટાવોશો, તો તમારો માર્ગ પણ પ્રકાશિત થશે.
- અનુશાસનહિનતાથી વધુ દંડ બીજું કંઈ નથી, અને અનુશાસિત મન વધુ આજ્ઞાકારી બીજું કાંઈ નથી.
- જો સમસ્યાનું સમાધાન થઈ શકતું હોય તો ચિંતા કેમ? અને જો સમસ્યાનું સમાધાન ન થઈ શકતું હોય તો ચિંતા કરવાથી કોઈ ફાયદો નથી.
- જેમ કોઈ પર્વત હવાથી હલી શકતો નથી. તેવી જ રીતે બુદ્ધિમાન વ્યક્તિ પ્રશંસા અને આરોપોથી વિચલિત થતો નથી.
- એક ક્ષણ દિવસ બદલી નાખે છે. એક દિવસ જીવનને બદલી શકે છે,અને એક જીવન પુરા વિશ્વને બદલી શકે છે.
- તે વિચારવું જ હાસ્યાસ્પદ છે કે કોઈ બીજો તમને પ્રસન્ન અથવા તો દુઃખી કરી શકે છે.
- ખુશી એ વાત પર નિર્ભર નથી કરતી કે તમારી પાસે શું છે અને તમે શું છો ખુશી એ વાત પર નિર્ભર કરે છે કે તમે શું વિચારો છો.

આજે ભગવાન બુદ્ધના આ વિચાર મૌક્તિકો કહેવાતા તેમના અનુયાયીઓએ અને આપણે સૌએ અનુસરવાનો સમય આવી ગયો છે. લુમ્બિની પ્રદેશમાં જન્મેલા સિદ્ધાર્થ નરમાંથી જ ભગવાન તથાગત બન્યા. આ દેશમાં આ દેશની માટીમાં એ તાકાત છે કે જો તમારામાં કોઈ અદ્વિતીય તત્ત્વ પડ્યું હોય તો આંતરવિકાસ જરુર થવાનો.

આપણાં સૌમાં એક બોધિવૃક્ષ છે. પરંતુ આપણે જવલ્લે જ તે મન અને આત્મારુપી બોધિવૃક્ષને જાણી શકીએ છીએ.લોકડાઉનનો આ સમય તપસ્યા અને મનન-ચિંતન કરવાનો ઉત્તમ અવસર છે. બુદ્ધં શરણં ગચ્છામિ એટલે શરણાગતનો સ્વીકાર.

અત્યારે પણ પ્રકૃતિની સામે થવાનો નહીં પરંતુ શરણાગતિનો આ સમય છે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# જગતમાં સૌ પ્રથમ ગુજરાતની ધરતી ઉપર થયો કોરોનાનો કિતાબથી સામનો કરવાનો જયઘોષ

અંધેરા પંખ પસાર રહા હૈ,
પર મેરી ભી એક જીદ હૈ,
અપને ભીતર કી રોશની લિએ,
ચલૂંગા જહાં તક હદ હૈ...

કોણ કહે છે આજના જમાનામાં વાંચન ઓછુ થઈ ગયું છે ? કોણ કહે છે આજકાલ લોકો પુસ્તકો ખરીદતા નથી અને વાંચતા નથી ? હમણા હમણા એક લેખક અને વાંચકવીરોનો કિસ્સો ધ્યાન ઉપર આવ્યો ત્યારે એમ લાગ્યું




કે, શબ્દપ્રેમી અને સાહિત્યરસિક એવા વાંચકોની બિલકુલ ઓટ નથી આવી બલ્કે વધી છે. કોરોનાના કાળા ડિબાંગ વાદળોથી સમગ્ર વિશ્વ ઉપર અગમ્ય અંધારુ પ્રસર્યું છે ત્યારે ગુજરાતના એક ખૂણેથી એક લેખકવીરે જબરી હાક લગાવી છે. જયના કોરોના સામે કિતાબના જયઘોષની વાત માંડીને કરીએ એ પહેલા થોડી જયની ભૂમિકા સમજવા જેવી છે. નામ એનું જય લલીત વસાવડા. ગુજરાતીઓમાં ખુબ વંચાતો અને સંભળાતો જય લાખો ગુજરાતી પરિવારોમાં જાણીતું અને માનીતું નામ છે. જય એક નિવડેલો કલમનો સોદાગર છે. શબ્દોનો એને અજબનો નશો છે. એના શબ્દોથી એ હંમેશા વાંચકોને મદહોશ કરતો આવ્યો છે. પેલી વાત સનાતન સત્ય છે કે, ઘણુ બધુ કહીને વધુ છુપાવી દેવું, આસાન નથી હોતુ લેખક થવું. જીવનની બારીકાઈને ખુબ નજીકથી જુએ છે એ લેખક બનતો હોય છે. જ્યારે કલમમાં લોહીની શાહીમાં ઝબોળીને લખાય ત્યારે લખાણમાં જાન આવી જતી હોય છે. જય એક બળવાન લેખક છે. કાગળ ઉપરના શબ્દશસ્ત્ર લેખનવીર બનાવતા હોય છે. જય શબ્દોનો તીરંદાજ છે. હંમેશા ઉચી ઉચી દીવાલો ફાંદીને જીવનનો જયઘોષ કરે છે.

જય એક એવો શબ્દવીર છે કે જે, પહેલાં તો એક જગાએ શાંત ચિત્તે બેસે છે, પછી એની કલમ ચાલે છે, ટીપ્પણીઓ લખે છે. ત્યાર બાદ ઉઠીને લખાણના કાગળોની બહાર ચાલ્યો જાય છે અને પછી બધા એ શાહીની પાછળના કાળા અક્ષરોમાં પોતાની જાતને શોધતા હોય છે. જય એક એવો લેખક છે કે જે લખે છે ત્યારે દિમાગ કરતા દિલથી વધુ વિચારે છે. જયની પર્સનલ લાઈબ્રેરીમાં ૧૮,૦૦૦ જેટલા પુસ્તકો, મેગેઝીનો તથા ૫૦૦ જેટલી સીડી/ડીવીડીનો ખજાનો છે. એની સૌથી મોટી દોલત એના શબ્દો છે. આમ તો લેખક માટે એવુ કહેવાય કે, લેખકની જીભ કરતા કલમ વધુ ચાલતી હોય છે. જયના સંદર્ભમાં આ શબ્દો પલટાવવા પડે એમ છે. જયની જીભ અને કલમ બન્ને નિરંતર અને ધારદાર ચાલે છે. વાચકો અને શ્રોતાઓ બન્ને હાથે એને 'થમ્સ અપ' કરતા થાકતા નથી. જયે ૩૩૦૦થી વધુ દેશ-વિદેશમાં મનનીય વક્તવ્યો આપ્યા છે.

ગુજરાતના આ ફાંકડા લેખક અને બેમિસાલ વકતાના મનમાં ગત રામ નવમીના દિવસે એક વિચાર ઉગ્યો. એને થયું કોરોનાની મહામારી સામે આખો દેશ પ્રચંડ યુદ્ધ લડી રહ્યો છે ત્યારે એમાં કંઈક જુદી જ રીતે યોગદાન આપવુ જોઈએ. એક નવી ભાત પાડવી જોઈએ. કોરોનાનો કિતાબથી સામનો કરવો જોઈએ. એના આ વિચાર સાથે નવભારત સાહિત્ય મંદિરના ભાઈ રોનક ખભે ખભો મિલવી જોડાયા. આ બન્ને મિત્રોએ ભેગા મળી એક નવતર સંકલ્પ તરતો મુક્યો. એપ્રિલ તારીખ ૬ 'મહાવીર જન્મ કલ્યાણક' ભગવાન મહાવીરના જન્મોત્સવના મંગલદિનથી શરુ કરીને ૧૪મી એપ્રિલ નવ દિવસ સુધી જય વસાવડાના તમામ પુસ્તકો ભારતભરમાં કોઈ પોસ્ટેજ, કુરિયર ચાર્જ વગર ૨૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે આપવાનો વિચાર એફબી ઉપર એમણે વહેતો કર્યો. વાંચકોને તો ૨૫ ટકા ડિસકાઉન્ટની રકમનો ફાયદો થયો પણ તેની સામે આ બે મિત્રોએ ડિસકાઉન્ટ જેટલી જ રકમ ઉમેરી 'પીએમ કેર ફંડ'માં કોરોના સામેના જંગ માટે આપવાની યોજના અમલમાં મુકી.



**આત્મનાદ**
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

જય વસાવડાના પુસ્તકો આમ પણ ધુમ વેચાય છે. પ્રતિવર્ષ એની આવૃત્તિઓ પુનઃમુદ્રીત થતી જ હોય છે એટલે એવુ માનવાનું કારણ ન હોઈ શકે કે પુસ્તકો વેચાયા વગરના પડી રહ્યાં હતા એટલે આ સ્કીમ મુકાઈ હશે. વળી બીજી એક મહત્વની વાતની નોંધ એ પણ લેવી પડે કે, કાગળ અને પ્રિન્ટીંગના કૂદકે ને ભૂસકે વધતા ભાવોમાં અગાઉની કિંમતે પુસ્તકો આપવા એ એક અત્યંત ખોટને નોતરવાની વાત છે. જે મિત્રો પ્રિંટિંગ એન્ડ પબ્લિશીંગના વ્યવસાય સાથે સંકળાયેલા છે એ આ વાતને બરાબર સમજી શકે એમ છે. પરંતુ 'એવરી થીંગ ઈઝ ફેર વ્હેન કોઝ ઈઝ નોબલ.' જય અને રોનકના આ વિચારને વાંચકબંધુઓએ જબ્બર પ્રતિસાદ આપ્યો. માત્ર નવ દિવસમાં જયના ૧૦ લાખ સાત હજાર સો રૂપિયાની અધધ કિમતના પુસ્તકોનું બુકિંગ થયું. એમાંથી ૨૫ ટકા ડિકસાઉન્ટ અને એટલી જ રકમ જય અને રોનક 'પીએમ કેર ફંડ'માં આપશે. આ લખાઈ રહ્યું છે ત્યારે લોક ડાઉન છે એટલે ઓર્ડર બુક કરનારાઓને પુસ્તકો લોક ડાઉન ખુલ્યા બાદ પોસ્ટથી મોકલવાના શરૂ થનાર છે. મજાની વાત તો એ છે કે, 'પીએમ કેર ફંડ'માં જય કે રોનકના નામે દાન આપવામાં નહીં આવે, આ દાન 'જય વસાવડા લવર્સ'ના નામે અને તમામ પુસ્તક ખરીદનારના નામોની યાદી સાથે આપવામાં આવનાર છે.

અહીં એક વાતની નોંધ લેવી ઘટે કે, કોઈ લેખકે એના પુસ્તકો માટે ડિસ્કાઉન્ટ આપી ચેરીટી કરી હોય એવો આખી દુનિયામાં કોઈ પ્રસંગ બન્યો હોય એવું ધ્યાનમાં નથી આવ્યું. હાં, કોઈ પ્રકાશકે આવો પ્રયોગ કર્યો હોય એવુ બની શકે. ગુજરાતની ધરતી ઉપર ઉગેલા એક લેખકના વિચાર દ્વારા થયેલા આ અનોખા પ્રયોગ અને સંકલ્પથી સિધ્ધીની યાત્રાનું યશોગાન આવતા દિવસોમાં ઘણા કરશે. કોઈ લેખક દ્વારા અમલમાં મુકાયેલો સંવેદનાસભર પ્રયોગથી જગતના ઈતિહાસમાં એક નવો કિર્તિસ્તંભ ગુજરાતના આ લેખક બંદાએ કરી બતાવ્યો છે.

કોઈપણ પ્રચાર વગર માત્ર ફેસબુક પેજ ઉપર જાણકારી આપીને ઈતિહાસ રચનારા જય વસાવડા એના એફબી પેજ ઉપર વાંચકોને કહ્યું કે, 'સ્પીકર પણ સ્પીચલેસ થઈ જાય એમ ભરોસો મૂકીને પ્રેમવર્ષા કરે એને બીજુ શુ કહી શકાય ? કલમથી રસિકતા અને સચ્ચાઈ, કુતુહલ અને રોમાંચ, કળા અને વિજ્ઞાનના વિશ્વની ઉઘડતી બારીથી કેવો ઉભો મોલ લહેરાય એનું વાવેતર થયું છે એની આ દુનિયાને દુર્લભ એવી સાબિતી મળી છે. જગતનો આવો પ્રથમ પ્રયોગ થયો કોરોના સામે કિતાબનો. બધા વાચકોને આપીએ એટલા ખિતાબ ઓછા પડે.' જય કહે છે કે, પુસ્તકો મસ્તકો ઘડે છે એની જગતને સાબિતી આપવાનો પ્રયાસ ડંકાની ચોટ ઉપર ગુજરાતમાંથી થયો છે. જયના દસ લાખ ઉપરાંતની કિંમતના લેવાયેલા પુસ્તકોમાં સૌથી વધુ ઓર્ડર JSK (જય શ્રી કૃષ્ણ) પુસ્તકને મળ્યો છે. એવા તો ઘણા વાચકો પણ છે કે જેમની પાસે જયના પુસ્તકો ઓલરેડી છે છતાં આ નોબલ કોઝ માટે ઓર્ડર કર્યા છે. કોરોના સામે કિતાબના વિચારને દિલથી આવકારનારા આવા વાંચકોને પણ સલામ છે. જય હલ્કે સે જીસ્મ મે ભારી રૂહ લીયે ફિરતા હૈ, વો બાતો બાતો મે લોગો કે કિસ્સે અપની કહાની બના લેતા હૈ... જય એવો વિચારક, વકતા અને લેખક છે કે જે એકવાર નક્કી કરે એટલે પરિણામ લાવે જ છૂટકો. લેખક બનવુ કદાચ આસાન છે પણ લેખક તરીકેની ગરીમા બરકરાર રાખવી અત્યંત કપરી છે. જય જેવા ચિંતકો એમના રચનાત્મક અને ઠોસ વિચારોથી જ ગરીમાપૂર્ણ રીતે વાચકોના હૃદય સિહાસને બિરાજતા હોય છે. જય હો...

**ધબકારઃ**

**અભી તો ઇસ બાજ કી ઉડાન બાકી હૈ, અભી તો ઇસ પરિંદે કા ઇમ્તિહાન બાકી હૈ, અભી અભી ઉસને લાંઘા હૈ સમુંદરો કો, અભી તો પુરા આસમાન બાકી હૈ...**